**Extra No. 266**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]** **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**હુકમ**

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ**

**વંચાણમાં લીધુ :** સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ ની અખબારી યાદી ક્રમાંક ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/ ૦૪૨૦૨૬/ ૯૬૪૭ થી ૯૭૬૧

**નં.ડીસી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૬/વશી.૩૫૮૪ થી ૩૬૦૧/૨૦૨૬:** આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે.જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થનાર છે.

ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારો દ્વારા તેમના પ્રચાર કાર્ય તથા ચૂંટણીલક્ષી કામગીરી માટે હંગામી ધોરણે કચેરીઓ / કાર્યાલય શરૂ કરવામાં આવે છે અને તેમના દ્વારા સ્થાનિક પ્રચાર તથા ચૂંટણી લક્ષી કામગીરી કરવામાં આવે છે.જેમાં ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની નજીક અથવા ધાર્મિક સ્થળો અથવા હોસ્પિટલ / શૈક્ષણિક સંકૂલોની નજીક આવા કાર્યાલયો / કચેરીઓ શરૂ કરવા પ્રતિબંધ ફરમાવવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે આઇ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છુ.

(૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની પ્રવર્તમાન સૂચના મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો તથા સૂચનાઓનો અમલ ચૂસ્તપણે થાય તે ઉદ્દેશ્યથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવાર રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ મતદાન મથકના સ્થળની ૨૦૦ મીટરની અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહીં અને ત્યાર બાદ એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે તેમજ તડકા/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે. પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડાશ લગાવી શકાશે નહીં.

(૨) આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખિત પરવાનગી મેળવવી અને સંબધિત ચુંટણી અધિકારીશ્રીને જાણ કરવી જોઈશે.

(૩) મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમા ઉમેદવારનું નામ / ચિન્હ, પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલું હોવુ જોઈએ નહી.

(૪) મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા / એકત્ર થવાની છુટ આપવી નહી.

(૫) મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ(હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવી.

મતદાર કોઇ પણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઇ શકશે તેમ કરતા કોઇ પણ પ્રકારે કોઇ દ્વારા તેને અટકાવી શકાશે નહી. મંડપમાંના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

(૬) આવું કાર્યાલય કે કચેરી કોઈ ધાર્મિક સ્થળમાં અથવા ધાર્મિક સ્થળ આવેલ હોય તેવા કેમ્પસ/કંપાઉન્ડમાં કરી શકાશે નહીં.

(૭) આવી કચેરી / કાર્યાલય શૈક્ષણિક સંસ્થા કે હોસ્પિટલની બાજુમાં કાર્યરત કરી શકાશે નહીં.

આ હુકમ ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમ મતદાનના દિવસે એટલે કે તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**રવિન્દ્ર ખતાલે,**

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

---



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.20 22:13:15 IST